1

ક્રમાંક: રાચઆ-ચટણ-૧૦૯(૨૫)-૦૬૨૦૨૫-ક 1253698

રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નં.૯,છઠ્ઠો માળ,
સચિવાલય ગાંધીનગર
તા. ૦૬ -૦૬-૨૦૨૫

પ્રતિ,
અધ્યક્ષશ્રી
અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત
દેવભૂમિ, મહેતાપુરા, હિંમતનગર
જિ.સાબરકાંઠા

વિષય:-મતદાનના બીજા દિવસે ઓન ડ્યૂટી ગણવા તથા વળતર/રૂપાંતરિત રજા આપવા બાબત
સંદર્ભ:- આપનો તા.૦૪-૦૬-૨૦૨૫નો પત્ર

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભદર્શિત આપના તા.૦૪-૦૬-૨૦૨૫ના પત્ર અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ચૂંટણીને અનુલક્ષી ને રાખેલ તાલીમ કે અન્ય કામગીરી દરમ્યાન જાહેર રજા રવિવાર તથા વેકેશનના સમયગાળા દરમ્યાનનો હોય તો તેને અનુરૂપ વળતર રજા તથા રૂપાંતરિત રજા આપવા માંગાણી કરેલ છે, જે બાબતે જે અધિકારી/કર્મચારી ચૂંટણીની ફરજો બજાવે છે તેઓને ચૂંટણીનું મહેનતાણું મળે છે, જેની વિગતવાર સૂચનાઓ આયોગના પરિપત્ર ક્રમાંક: રાચઆ-ચટણ-પચત-૯૬, તા.૨૪-૧૦-૧૯૯૬ અને આયોગના પત્ર ક્રમાંક: રાચઆ-ચટણ-એનપી-જન-૧૪-૧૦૨૦૧૦-ક, તા.૧૮-૧૦-૨૦૧૦થી પંચાયતોની ચૂંટણી માટે આપવામાં આવે છે, તેથી ઉક્ત બાબતે શિક્ષક કર્મચારીઓને વળતર તેમજ રૂપાંતરિત રજા મળવા પાત્ર નથી.

ચૂંટણીનાં બીજા દિવસે ચૂંટણી ફરજપરના કર્મચારીઓ જો તેઓની મૂળ કચેરીએ હાજર રહી ન શકે તો આ દિવસે ફરજ પરની હાજરી ગણવાની રહેશે અને તેઓએ તેમની મૂળ કચેરી ખાતે હાજર થવાનું રહેશે નહી, તે મુજબનો રાજ્ય ચૂંટણી આયોગે નિર્ણય લઈ ગત ફેબ્રુઆરી-૨૦૨૫ની ચૂંટણી માટે ઉક્ત બાબતે તા.૧૩-૦૨-૨૦૨૫ના રોજ અખબારી યાદી આપેલ છે. જે મુજબ આગામી સમયની ગ્રામ પંચાયતની ચૂંટણી અન્વયે અખબારી યાદી આપી જણાવવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

(એન.કે.ડામોર)
સંયુક્ત કમિશ્નર
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ